# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ-૦૧** **તા. ૦૯.૦૬.૨૦૧૭**

## કેન્દ્રીય મંત્રીશ્રી રવિશંકર પ્રસાદજી ગુજરાત ભાજપા પ્રદેશ કાર્યાલય-શ્રી કમલમ્‌ની મુલાકાતે

-------------------

ભાજપ પ્રદેશ પ્રવકતા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૩ વર્ષના સ્વર્ણીમ કાર્યકાળને જન-જન સુધી લઈ જવા માટે “સૌનો સાથ, સૌનો વિકાસ-સંમેલન” તેમજ “મોદી ફેસ્ટ”-પ્રદર્શનીનું આયોજન દેશભરમાં હાથ ધરવામાં આવ્યું છે. તે અંતર્ગત ગુજરાતમાં ૩૦ જેટલા “સૌનો સાથ, સૌનો વિકાસ-સંમેલન” તેમજ ૧૨ જેટલા “મોદી ફેસ્ટ” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય મંત્રીશ્રી રવિશંકર પ્રસાદજી છેલ્લા ૨ દિવસથી ગુજરાતના પ્રવાસે આવેલ છે. ગઈકાલે હિંમતનગર અને મોડાસા તેમજ આજરોજ કર્ણાવતી મહાનગર અને ગાંધીનગર ખાતે “સૌનો સાથ, સૌનો વિકાસ-સંમેલન” તેમજ “મોદી ફેસ્ટ” કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રીશ્રી રવિશંકર પ્રસાદે આજે બપોરે એનેક્ષી, અમદાવાદ ખાતે પત્રકાર પરિષદને સંબોધી હતી અને સાંજે ગુજરાત ભાજપા પ્રદેશ કાર્યાલય-શ્રી કમલમ્ ખાતે શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા. પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ મહામંત્રીશ્રી કે. સી. પટેલ, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયા, પ્રદેશ મંત્રીશ્રી અમિતભાઈ ઠાકર, પ્રદેશ મીડીયા સેલના કન્વીનરશ્રી ડૉ. હર્ષદ પટેલ તેમજ પ્રદેશ અને ગાંધીનગર શહેર-જીલ્લાના હોદ્દેદારશ્રીઓએ કેન્દ્રીય મંત્રીશ્રી રવિશંકર પ્રસાદજીનું પ્રદેશ કાર્યાલય-શ્રી કમલમ્ ખાતે માનભેર સ્વાગત કર્યું હતું અને કાર્યાલય સંકુલની ભૌગોલિક રચનાની માહિતી આપી હતી. આ મુલાકાત દરમ્યાન શ્રી રવિશંકર પ્રસાદે ખૂબ જ આનંદભેર ઉપસ્થિત સૌ આગેવાનોનું અભિવાદન સ્વિકાર્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૯.૦૬.૨૦૧૭

## જેમ-જેમ ચૂંટણીઓ નજીક આવે છે, તેમ-તેમ કોંગ્રેસ જાય છે - શ્રી ભરતભાઈ પંડ્યા

------------------

## તલાલા નગરપાલિકામાં ભાજપાનો ભગવો લહેરાયો.

------------------

ભાજપ પ્રદેશ પ્રવકતા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, જુનાગઢ જીલ્લાની તલાલા નગરપાલિકામાં આજે ભાજપાનો ભગવો લહેરાયો હતો. જે તે સમયે તલાલા નગરપાલિકામાં ભાજપાના ૧૧ સભ્યો તેમજ કોંગ્રેસના ૧૩ સભ્યો ચૂંટાયા હતા અને આજે કોંગ્રેસના મેન્ડેટ પર ચૂંટાયેલ શ્રી જતીનભાઈ ગઢીયા અન્ય એક સભ્ય સાથે ભાજપામાં જોડાતા તલાલા નગરપાલિકાના ભાજપાના શ્રી ભૂપતભાઈ હીરપરા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, અત્રે એ ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ મોરબી નગરપાલિકામાં કોંગ્રેસના મેન્ડેટ પર ચૂંટાયેલ ૧૫ સભ્યોએ ભાજપાના શ્રી ગીતાબેન કણઝારીયાને પ્રમુખ તરીકે તેમજ શ્રી ભરતભાઈ ધારીયાને ઉપપ્રમુખ તરીકે ચૂંટીને મોરબી નગરપાલિકાના સત્તાનું સુકાન સોંપ્યું છે. તેમજ મહેસાણા નગરપાલિકામાં કોંગ્રેસમાંથી છુટા પડેલા ૯ સભ્યોને ભાજપાએ ટેકો આપ્યો હતો અને મહેસાણા નગરપાલિકામાં કોંગ્રેસની સત્તાનો અંત આણ્યો હતો અને ભાજપાના ટેકાથી નવા જૂથે સત્તાનું સુકાન સંભાળ્યું હતું.

શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું કે, જેમ-જેમ ચૂંટણીઓ નજીક આવે છે, તેમ-તેમ કોંગ્રેસ જાય છે. કોંગ્રેસ પોતાના ચૂંટાયેલા સભ્યોને સાચવી શકતી નથી. કોંગ્રેસમાં પ્રવર્તી રહેલી આંતરિક ખેંચતાણ અને જુથબંધી ચરમસીમાએ છે. ગુજરાતની પ્રજા મીડીયાના માધ્યમોથી કોંગ્રેસની આવી નાજુક પરિસ્થિતિથી સતત વાકેફ છે અને કોંગ્રેસ પાર્ટી પોતાના સભ્યોને સાચવી શકતી નથી તે ગુજરાતની શાણી અને સમજુ પ્રજા જાણે છે તેથી જ ગુજરાતમાં કોંગ્રેસને છેલ્લા ૩ દાયકાથી સત્તાના સોપાનોથી દૂર રાખી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ